# શ્રી ગોડીજી પાર્શ્વનાથ ગીત

અચલગચ્છાધિપતિ યુગપ્રધાન પૂજ્ય
**આચાર્યશ્રી ધર્મમૂર્તિસૂરીશ્વરજી મ. સ.**
સંપાદક : **'ગુણશિશુ'**

[ અહીં પ્રસ્તુત થતી કૃતિ આમ તો એક ગીત છે, પણ પ્રાચીનતાની દૃષ્ટિએ તેમ જ ભાવભરી હોઈ મનનીય છે. કવિએ પોતાના હૃદયના મંજૂલ ભાવોને આ કૃતિમાં વણી લીધા છે. પ્રભુની મહાનતા, ગુણ વૈભવતા અને સ્વની લઘુતા આ ગીતમાં વ્યક્ત થાય છે. છેલ્લી કડીમાં કવિએ પોતાનું નામ સૂચિત કર્યું છે.

આ કૃતિ જેમ છે, તેમ જ રહેવા દીધેલ છે. આ ગીતની એક માત્ર હસ્તપ્રત કોડાય (કચ્છ)ના સદાગમ જ્ઞાનભંડારમાંથી મળી આવી હતી. સં. ૨૦૩૩ ના પોષ વદ ૧૧ ના કોડાયમાં રહી, આ ગીત અક્ષરશઃ ઉતારેલું છે. આ પ્રતિ કીડાઓને લીધે જીર્ણ–શીર્ણ થયેલી હતી. કયાંક પડિમાત્રાનું લખાણ છે, તેમ જ પ્રાયઃ અશુદ્ધ છે. પોથી નં. ૧૩૫, ક્રમ ૧૨૬૮, પત્ર–૧ છે. પાનાની એક બાજુ ૧૩ લીટી અને બીજી બાજુ ૭ લીટી છે. પ્રત્યેક લીટીમાં ૪૦ જેટલા અક્ષરો છે, પ્રતની ૨૩ સે. મી. પહોળાઈ અને ૧૦ સે. મી. લંબાઈ છે. પ્રાચીન ગુજરાતીના અભ્યાસીઓ માટે સતરમી સદીના નમૂનારૂપ આ કૃતિ અભ્યાસનીય છે. પ્રભુ ભકતો માટે આ ગીત કંઠસ્થ કરવા યોગ્ય છે. **— સંપાદક** ]

## શ્રી ગઉડી પાર્શ્વનાથ ગીત

(રાગઃ ॥ અધરસ ॥ કોસવેસલિખિ મોકલઈ ॥ એ દેશી ॥)

વચન સંભલિ પ્રભ, વિનવઉં શ્રી ગુડીપુરવર પાસ રે.
તૂં ધરમમૂરતિ છઈ ધુરલગઈ તુમ્હ પ્રણમતાં (૨)
અંગિ ઉલ્હાસ કિ મરુધર મંડણ ગુણનિલઉએ વામા (૨)
રાણીય પૂતકિ આસસેનનંદન કુલતિલઉએ. એ આંકણી (૧)

તુમ્હ સાથઈ મન રમિ રહિઉ શ્રવણે સગુણ સુહાઈ રે;
નામ જપતાં જીભડી માહરી અહનિસિ (૨) આણંદ થાઈ કિ. મરૂધર૦ (૨)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તુમ્હ દરસણનઈ દેખવા, નયણ ન મેલઈ મેટ રે;
સોઈ દિન કહીઈ આવસઈ જવ હોઈસઈ (૨) તુમ્હચી ભેટ કિ. મરૂધર૦ (૩)

ગુણ અનંત જિન તુમ્હ તણા, પ્રભુ કહતાં નાવઈ પાર રે;
કરુણાસાગર કરિ દયા, જિન ભવભવિ (૨) મુજ આધાર કિ. મરૂધર૦ (૪)

તૂં ન્યાની નિત નિર્મલઉ, જાણઇ સુખ દુઃખ વાત રે;
ઘણુંય ય(૨) હું સૂં કહઉં, તૂં પ્રીછઈ છઇ (૨) ત્રિભુવન તાત કિ. મરૂધર૦ (૫)

અવર અનોપમ અતિ ભલા, મઈ દીઠા દેવદેવન્ન રે;
સ્વામીય તમ્હ સમઉ કોઈ નહીં, તિણિ વેધીઉ(૨)માહરે ઉમન્ન કિ. મરૂધર૦ (૬)

પ્રેમ પોયણું સૂં ચંદલઇ, મોર મેહ એક ચેત્તિ રે;
ચકવી દિનકર ચિત્ત ધરઈ, તિમ સમરથ (૨) સમરું નિત કિ. મરૂધર૦ (૭)

કમલિણિ ભમરુ રઈ કરઈ, ચાતક ચીતઈ મેહ રે;
વીઝ ગયદા મનિ વસઈ, જિમ ચંદન (૨) ચીલ સંનેહ કિ. મરૂધર૦ (૮)

રૂપ લક્ષણ ગુણ અતિ ઘણા, જિન ત્રિભુવન તેજ અનંત રે;
તં અચિંત ચિંતામણિ સુરતરુ, રાણી પ્રભાવતી (૨) કેરઉકંત કિ. મરૂધર૦ (૯)

સુખદાયક ! સેવક સદા સમરંતા ગુડી પાસ રે;
વિઘન વઈરી વિષ નિગમઇ, નિત પૂરઈએ (૨) મનની પૂરવી કિ. મરૂધર૦ (૧૦)

હૂં અપરાધી અતિ ઘણઉં, મઇં તુમ્હ ન માની આણ રે;
જનમમરણ ભય ટાલજો, એહ કરજો (૨) વચન પ્રમાણ કિ. મરૂધર૦ (૧૧)

તુઝ વિણ તારણ કોઈ નહીં, મઈ ચીતિઉ ચીત મઝારિ રે;
નામ તુમ્હારું સિરિ ધરું, સ્વામી તિમ કરિ(૨) જિમ તરુ પાર કિ. મરૂધર૦ (૧૨)

દીઠઈ દુર્ગતિ ભઇ ટલઈ, તુઝ વંદનિ વંછિઉ હોઈ રે;
પૂજતાં શ્રીય પામઇં, તૂં સાચિ લઉં (૨) સુર દુમ સોઇ કિ. મરૂધર૦ (૧૩)

નીલવર્ણ નવકર સદા, સોભિત લષિણ સરીર રે;
એક સહસ આઠે કરી, વડદાનીય (૨) સાહયે ધીર કિ મરૂધર૦ (૧૪)

ઇંદ્ર વિદ્યાધર નિતિ નમઈ, નમઈ સુરનર મુનિવર કોડિ રે;
શ્રી ધર્મ્મમૂર્તિસરિ ઇમ કહઈ, હૂં પ્રણમુંય(૨) બે કર જોડિ કિ. મરૂધર૦ (૧૫)

[ ઇતિ શ્રી ગઉડી પાર્શ્વનાથ ગીતં ]



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org